# ભિલોડા તાલુકામાં નવરાત્રી દરમિયાન ખેલૈયાઓમાં અનેરો આનંદ-ઉત્સાહ

ભિલોડા, તા. ૧૬

સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લા સહિત ભિલોડા તાલુકામાં નવરાત્રી દરમ્યાન ખેલૈયાઓમાં



અનેરો આનંદ-ઉત્સાહ જોવા મળ્યો હતો. નવલી નવરાત્રીનો આજે ત્રીજો દિવસ છે. ત્યારે ઠેર ઠેર ગરબાની રમઝટ ખેલૈયાઓ બોલાવી રહ્યા છે. નવરાત્રી દરમ્યાન અત્ર-તત્ર-સર્વત્ર રીતે અબાલવૃદ્ધ, નાના-મોટા સૌ કોઈ નવરાત્રીના રંગે રંગાયા છે. ખેલૈયાઓ મન મુકીને ગરબે ગુમી રહ્યા છે.

ભિલોડાની ખ્યાતીપ્રાપ્ત નવરાત્રી સ્થળોએ ગાયક વૃંદોના તાલે ખેલૈયાઓ મન ભરીને ગરબે ગુમવાનો ખેલૈયાઓમાં ભારે થનગનાટ જોવા મળી રહ્યો છે. ખેલૈયાઓ ટ્રેડીશનલ ડ્રેસમાં સજ્જ થઈ આવતા હોય છે ત્યારે ખેલૈયાઓના ચહેરા ઉપર મોડી રાત સુધી બીલકુલ થાક વર્તાતો નથી. સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લા સહિત ભિલોડા તાલુકામાં આજે પણ ગ્રામ્ય વિસ્તારોમાં શેરી ગરબાઓનો મહિમા અકબંધ જોવા મળી રહ્યો છે.

મને માવતર મળે તો મા અંબા જેવા મળજો... વા વાયાને વાદળ ઉમટ્યા..., તારી લાલ લાલ પાઘડીએ મન મારૂ મોહ્યું એ માલધારી..., માએ ગરબો કોરાવ્યો ગગન ગોખમાં રે..., આસોની અજવાડી રાતલડી...., પારેવડા જાજેને પીયુને દેશ.., છેલાજી મારી હાટુ પાટણથી પટોડા લાવજો..., મહીસાગરની આરે ઢોલ વાગે છે.... જેવા અવનવા ગરબાઓના તાલે ખેલૈયાઓ ગરબે ઘુમી રહ્યા છે.

## ચારથી વધુ વ્યક્તિઓની કોઈ સભા-સરઘસ માટે મનાઈ

સાબરકાંઠા જિલ્લામાં પ્રવર્તમાન પરિસ્થિતિમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવાના હેતુસર ૧૩-૧૦-૧૫ થી ૨૧-૧૦-૧૫ સુધી નવરાત્રીનો તહેવાર તથા ૨૨-૧૦-૧૫ ના રોજ દશેરાનો તહેવાર તેમજ સાબરકાંઠા જિલ્લામાં સુલેહ શાંતિ જળવાઈ રહે તે હેતુસર સાબરકાંઠા અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી એસ.ડી. ધાનાણીએ મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭(૩) અન્વયે તેમને મળેલી સત્તાની રૂએ એક જાહેરનામા દ્વારા સાબરકાંઠા જિલ્લાના સમગ્રવિસ્તારમાં સક્ષમ અધિકારીશ્રીની લેખીત પરવાનગી સિવાય ૧૬મી ઓક્ટોબર, ૧૫ના રોજ સવારના ૬ કલાકથી ૨૯મી ઓક્ટોબ, ૧૫ના રોજ ૨૪ કલાક સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહી અથવા કોઈ સભા ભરવી કે બોલાવવી નહી તેમજ સરઘસ કાઢવા પ્રતિબંધ ફરમાવ્યો છે.



## પ્રાંતિજ નગરપાલિકામાં આઠ કર્મચારીઓને કાયમી ઓર્ડર અપાયા

પ્રાંતિજ નગરપાલિકામાં વર્ષો નોકરી કરતા આઠ કર્મચારીઓને નોકરી સ્થળે કાયમી ઓર્ડર આપવામાં આવતા કર્મચારીઓના ઘરે નવરાત્રીમાં દિવાળી જેવો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. પ્રાંતિજ નગરપાલિકામાં ઘણા વર્ષોથી સેવા બજાવતા ૬ ક્લાર્ક તથા ૨ ડ્રાઈવરોને નગરપાલિકા દ્વારા કાયમી ઓર્ડર આપવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં નગરપાલિકા પ્રમુખ નિરવ પરીખ, ઉપપ્રમુખ પંકજ મોદી, ગીરીશભાઈ પટેલ, જગદીશભાઈ કિંમતાણી સહિત નગરપાલિકા કોર્પોરેટરો ઉપસ્થિત રહ્યા હતા. નગરપાલિકા પ્રમુખના હસ્તે કર્મચારીઓને કાયમી ઓર્ડર આપવામાં આવ્યા હતા.

# પાટીદાર અનામત આંદોલન : સાબરકાંઠામાં ૩૧ ઓક્ટોબરથી મશાલ સરઘસ નીકળશે

હિંમતનગર, તા. ૧૬

ગુજરાતમાં પાટીદાર અનામત આંદોલનને લઈ રાજ્ય સરકાર હરકતમાં આવી ગઈ છે ત્યારે સરકારે પાટીદારો માટે જાહેર કરેલા પેકેજનો ઠેર ઠેર વિરોધ થઈ રહ્યો છે અને આંદોલનની આગ બુઝાતી નથી ત્યારે સાબરકાંઠા એકમ દ્વારા તા. ૩૧ ઓક્ટોબરે જિલ્લામાં મશાલ સરઘસનું આયોજન કરાયું છે.

આ અંગે પાટીદાર અનામત આંદોલનના સાબરકાંઠાના કન્વીનર રવિ પટેલના જણાવ્યા મુજબ નવરાત્રિ દરમિયાન અનામત આંદોલન સંદર્ભે પ્રસાદમાં લોલીપોપ આપવા અનુરોધ કર્યો છે તેમજ નવરાત્રિ દરકમિયાન બહેનો દ્વારા થાળી અને વેલણથી ગરબા રમવા જણાવાયું છે.

તે જ પ્રમાણે દશેરાના દિવસે પાટીદાર વસતીવાળા સાબરકાંઠા દરેક ગામડાઓમાં રાવણ દહનના કાર્યક્રમની સાથે એક આશ્ચર્યજનક કાર્યક્રમનું પણ આયોજન કરાયું છે. આગામી તા. ૩૧મી ઓક્ટોમ્બરે સરદાર જયંતિ હોવાથી હિંમતનગરના ટાવર ચોક ખાતે પાટીદાર યુવાનો ભેગા થઈને સરદારની પ્રતિમાને દૂધથી નવડાવી હિંમતનગર, તલોદ, ઈડર, પ્રાંતિજ અને વડાલી તાલુકામાં જનારી મશાલ યાત્રાનું પ્રસ્થાન કરાવાશે.

આ મશાલ યાત્રા એક દિવસમાં એક ગામ ફરશે અને બીજા દિવસે બીજા ગામે વાજતે ગાજતે જશે. જેના ભાગરૂપે હિંમતનગર તાલુકાના આકોદરા ગામેથી તાલુકાની મશાલ યાત્રા નીકળશે. જે બીજા દિવસે હડિયોલ ગામે જશે. ત્યારબાદ તાલુકામાં આવેલા તમામ ગામોમાં ફરશે. જેમાં પાટીદાર અનામત આંદોલનનો મુદ્દો મુખ્ય રહેશે.

## મોડાસા ખાતે થેલેસેમીયા ટેસ્ટીંગ કેમ્પ યોજાયો

ઈન્ડીયન રેડક્રોસ સોસાયટી ગુજરાત સ્ટેટ બ્રાન્ચ અમદાવાદ દ્વારા એચ.એસ. શાહ કોમર્સ કોલેજ મોડાસા ખાતે થેલેસેમિયા ટેસ્ટીંગ કેમ્પ યોજાયેલ હતો. થેલેસેમિયા ટેસ્ટીંગ કેમ્પમાં કોલેજના ૩૧૨ વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો. મોડોસા કોમર્સ કોલેજમાં પ્રિન્સિપાલ ડૉ. સુધીરભાઈ જોષી, રણછોડભાઈ પટેલ, અમદાવાદ સ્ટેટ બ્રાન્ચમાં શ્રી જયેન્દ્રસિંહ ઝાલા, શ્રૃતિબેન, નંદુભાઈ હાજર રહ્યા હતા.

# સજાપુર ગામે ચાર શખ્સો સરડોઈના યુવાનનું દોઢ લાખનું બાઈક લૂંટી ફરાર : પરિવારજનોમાં ફફડાટ

મોડાસા, તા.૧૬

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના સરડોઈ ગામના યુવાનની યામાહા કંપનીની દોઢ લાખ રૂપિયાની બાઈક સજાપુર ગામની સીમમાંથી પસાર થતો હતો ત્યારે ચાર અજાણ્યા શખ્સોએ આ યુવાનને અટકાવી બાઈક પર રહેલા યુવાનને ધક્કો મારી નીચે પાડી દઈ બાઈક લઈને છૂમંતર થઈ ગયા હતા. અચાનક ચાર શખ્સોએ બાઈકચાલક યુવાન પર હુમલો કરતા હેબતાઈ ગયો હતો થોડાક સમય બાદ સ્વસ્થતા કેળવી આ ઘટના અંગે પરિવારજનોને જાણ કરતાં પરિવારજનો ઘટનાસ્થળે પહોંચી આ અંગે મોડાસા રૂરલ પોલિસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા ચાર અજાણ્યા શખ્સો વિરૂધ્ધ મોડાસા પોલિસે લુંટનો ગુનો નોંધી તપાસનો ધમધમાટ શરુ કર્યો છે. લોકોની અવરજવર અને



ટ્રાફિકથી ધમધમતા માર્ગ પર લૂંટનો બનાવ બનતા સમગ્ર પંથકમાં ભય છવાયો છે.

મોડાસા તાલુકાના સરડોઈ ગામનો યુવાન મન જલદિપપુરી ગોસ્વામી બુધવારે યામાહા કંપનીનું ૧.૩૮ લાખનું બાઈક લઈને ઘરેથી કામકાજ અર્થે નીકળ્યો હતો. સરડોઈ ગામથી ૨ કીમી આવેલા સજાપુર ગામની સીમમાંથી પસાર થઈ રહ્યો હતો દરમિયાન અજાણ્યા ચાર શખ્સોએ બાઈકચાલક યુવાનને આંતરી અટકાવ્યો હતો અને બાઈકચાલક યુવાન કંઈ સમજે તે પહેલા ચારેય શખ્સોએ ધક્કો મારી યુવાનને નીચે પટકી દઈ આશરે ૨૫ વર્ષની આસપાસના ચારેય લૂંટારુઓ મોંઘીદાટ બાઈક લઈને ફરાર થઈ ગયા હતા. આ અંગે યુવાને પરિવારજનોને જાણ કરતાં ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. સરડોઈ ગામના યુવાનની મોંઘીદાટ બાઈકને ચાર શખ્સો રસ્તામાંથી આંતરી બાઈક લઈ છૂમંતર થઈ જવાની ઘટના બનતાં સમગ્ર પંથકમાં ભય ફેલાયો હતો. લોકોની અવર જવર અને સતત ટ્રાફિક ધરાવતા માર્ગ પરથી મોંઘીદાટ બાઈકની લૂંટની ઘટના સમગ્ર પંથકમાં ટોક ઓફ ધ ટાઉન બની હતી. આ અંગે મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવાતા મોડાસા રૂરલ પોલિસે ચાર અજાણ્યા શખ્સો વિરૂધ્ધ લુંટનો ગુનો નોંધી ચારેય શખ્સોને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

# મોડાસામાં ત્રીજા નોરતે ગરબાની રંગત જામી

મોડાસા, તા. ૧૬

અરવલ્લી જિલ્લામાં અને મોડાસા શહેરમાં નવલા નોરતાના દબદબાભેર પ્રારંભ સાથે જગતજનનીની આરાધના સ્વરૂપે નવરાત્રી મહોત્સવમાં ગરબા અને રાસ-દાંડીયાની રમઝટ જામી છે. ત્રીજા નોરતે મોડાસા શહેરના ગરબે ગુમ્યા હતા.

આદ્યશક્તિની આરાધનાના પર્વે નવરાત્રીમાં ભક્તિ અને આસ્થાનો અનેરો સંગમ જોવા મળે છે. માતાજી આપણી આસપાસ જ હોય આપણી સાથે ગરબે ઘુમતા હોય તેવુ અદ્ભુત વાતાવરણ નવે નવ નોરતામાં અનુભવાય છે.





નવરાત્રીના મેદાનમાં બાળકો અને ખેલૈયાઓએ રમઝટ બોલાવતા નવરાત્રીના ત્રીજા દિવસે નવરાત્રી જામી હતી. મોડાસા શહેરની કલ્યાણ સોસાયટીમાં ભુલકાઓએ મનમુકીને ગરબે ઝુમી રહ્યા છે. શહેરના અનેક નવરાત્રીઓમાં ભુલકાઓ ટ્રેડીશનલ ડ્રેશ અને અવનવી સ્ટાઈલ સાથે ગરબે રમતા જોવા મળતા હતા. ખેલૈયાઓએ ત્રીજા દિવસે પણ ધૂમ મચાવી હતી.

નવલા નોરતાના ત્રીજા દિવસે મોડાસા શહેરના કલ્યાણચોક નવરાત્રી, રામપાર્ક સોસાયટીના મેદાન અને સહકારી જીનના મેદાનમાં ખેલૈયાઓ મન મુકીને મોડાસા શહેર અને અરવલ્લી જિલ્લામાં જેમ જેમ નવરાત્રીના દિવસો આગળ વધી રહ્યા છે તેમ ગરબાનો રંગ ખેલૈયાઓમાં ચડી રહ્યો છે. ત્રીજા નોરતે શહેરના મેદાનોમાં યૌવન હિલોળે ચડ્યું હતું.

મોડાસાના સોસાયટી નગર વિકાસ યુવક મંડળ દ્વારા બાળ ખેલૈયાઓને પ્રોત્સાહિત કરવા અને મા આદ્યશક્તિના ભાતીગળ ગરબાઓ જેવી પ્રતિયોગીતા યોજવામાં આવતા બાલ ખેલૈયાઓએ ત્રીજા નોરતાએ કલ્યાણ ચોકના મેદાનમાં ટ્રેડીશનલ ડ્રેશમાં ઉપસ્થિત રહી ધૂમ મચાવી હતી.

# ડીસામાં ક્રેડીટ કો. ઓપરેટીવ સોસાયટીના તાલીમ વર્ગો યોજાયા

પાલનપુર, તા. ૧૬

ગુજરાત રાજ્ય સહકારી સંઘની સહકારી શિક્ષણ તાલીમ યોજના અન્વયે બનાસકાંઠા જિલ્લા સહકારી સંઘ, પાલનપુર આયોજીત જિલ્લાની કો. ઓપરેટીવ ક્રેડીટ/ કર્મચારી ધિરાણ ગ્રાહક સહકારી મંડળી તથા બચત-ધિરાણ સહકારી મંડળીના કર્મચારીઓ માટે ડીસા મુકામે તાલીમ વર્ગ યોજાયો હતો. તાલીમ વર્ગના સમાપન કાર્યક્રમ પ્રસંગે જિલ્લા સંઘના માનદ્મંત્રી નરસંગભાઈ પટેલે પ્રાસંગિક પ્રવચન કર્યું હતું. તેમણે તાલીમ દ્વારા થતા ફાયદા અંગે જાણકારી આપી હતી. ક્રેડીટ મંડળીનો વહીવટ પારદર્શક અને પ્રમાણિકતાથી કરવા તેમણે તાલીમાર્થીઓને જણાવેલ. જિલ્લામાં સહકારી માળખુ સુવિકસીત છે ત્યારે ક્રેડીટ મંડળીઓ ધિરાણ, થાપણની કામગીરી સારી રીતે બજાવે તે ખુબ જ જરૂરી છે.

ધિરાણમાં અત્યારે વસુલાતના પ્રશ્નો વધારે છે. વસુલાત માટે કાનુની પગલાં લઈ શકાય છે. તેમ કરીને પણ મંડળીઓની વસુલાત ઝડપી, સારી કરવી જોઈએ. જિલ્લા સંઘ દર વર્ષે ક્રેડીટ મંડળીઓ માટે સેમિનારનું આયોજન કરે છે. તેમાં પણ ભાગ લઈને જરૂરી જ્ઞાન તાલીમ મેળવી શકાય છે. જિલ્લા સંઘના એક્ઝીક્યુટીવ ઓફીસરશ્રી કે.જી. ચૌધરીએ જિલ્લા સંઘની કામગીરી વિશે માહિતી આપી હતી. તેમણે તાલીમાર્થીઓને નિયમિત અને પ્રમાણિકતાથી વહીવટ કરવા તથા સ્પર્ધાત્મક યુગમાં તાલીમ મેળવી વહીવટ કરવો જોઈએ. દેશ અને રાજ્યની સહકારી પ્રવૃત્તિ દુનિયામાં પ્રથમ ક્રમની છે ત્યારે આ પરિસ્થિતિ જાળવી રાખવા અને સભાસદોનો ઉત્તરોત્તર આર્થિક વિકાસ કરવા તાલીમ માહિતી સમયના અંતરે મેળવતા રહેવું જોઈએ. તાલીમવર્ગમાં જિલ્લાની ૨૫ જેટલી મંડળીઓએ ભાગ લીધો હતો. તાલીમવર્ગનું સફળતાપૂર્વક સંચાલન ડી.પી. ચૌધરીએ કર્યું હતું.



મા આદ્યશક્તિ મા જગદમ્બાના નવલા નોરતાની નવરાત્રી મહોત્સવ રંગે ચંગે આરંભ થઈ ગયો છે. બનાસકાંઠાના પાલનપુર અંબાજી, ડીસા, ધાનેરા, વડગામ, દાંતીવાડા, પાંથાવાડા, અમીરગઢ, થરાદ, વાવ, સિહોરી સહીત સર્વત્ર લોકો ગરબામાં મસ્ત બન્યા છે. પાલનપુરના બ્રિજેશ્વર કોલોની ભાગ્યોદય, પોલીસ હેડ ક્વાર્ટર, ફાઈન આર્ટસ કોલેજ, રોટરી ડાયમંડ સીટીના ઝાંઝર, હાઈવેની સોસાયટીઓ, મોટી બઝાર, ત્રણ બત્તી, જૂના, નવા લક્ષ્મીપુરા, બેચરપુરા, ગણેશપુરા, કમાલપુરા, ગઠામણ દરવાજા, વિજય હનુમાન મંદિર, વેરાઈ માતા, બ્રહ્માન વાસ, બેંક સોસાયટી, કોલેજ કમ્પાઉન્ડ, અંબાજી મંદિર, કીર્તિ સ્તંભ, સ્વપ્રીલ ફલેટ, રેલવે પોલીસ સ્ટેશન, સુખબાગ રોડ, સર્વત્ર નવરાત્રીની રમઝટ જામી છે. ખાણીપીણી કરવા પણ લોકોની ભીડ મોડી રાત સુધી જામે છે.

## અરવલ્લી જિલ્લા ખાતે સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક યોજાઈ

અરવલ્લી જિલ્લા કલેક્ટર એસ. છાકછુઆકના અધ્યક્ષ સ્થાને જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ બેઠકમાં મોડાસાના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોરે મોડાસા શામળાજી નેશનલ હાઈવે ઉપર ટોલટેક્ષ બાબતે, મોડાસા ધનસુરા તાલુકામાં કયા કયા ગામોમાં ઈંટો પકવવાના ભઠ્ઠા તેમજ ચીમની ભઠ્ઠા બાબતે પંચાયત ગામ વાઈઝ સર્વે નંબરની માહિતી અંગે મોડાસા આઉટમાં ટ્રાફિક સમસ્યા અંગે, સ્વચ્છતા અભિયાન અંતર્ગત શૌચાલય બાબતે, મોડાસા ઓધારીનગર સોસાયટીમાં ચોમાસાની ઋતુ પછી પણ પાણીના ભરાવાના કારણે રોગચાળો રોકવા બાબતે શું પગલા લીધા, ગુજરાત રાજ્ય જમીન વિકાસ નિગમની કચેરી, મોડાસા ખાતે ક્યારથી અલગ શરૂ કરાશે. પીએમજીએસવાય યોજના અંતર્ગત એજન્સી સામે શું કાર્યવાહી થઈ, ખેડૂતોને રેલવે દ્વારા સમયસર ખાતર મળી રહે તે અંગે, અરવલ્લી જિલ્લા સહકારી સંઘની સ્થાપના બાબતે, આ ઉપરાંત ધનસુરા તાલુકા ખેડૂતોના હિત માટે જમીન વિકાસ બેંકની શાખા તાલુકા મથકે શરૂ કરવા અંગે રજુઆત કરી હતી. ભિલોડાના ધારાસભ્ય અનિલભાઈ જોષીયારાએ ફોરેસ્ટમાં પસાર થતા રસ્તાની મરામત બાબતે, જિલ્લામાં તાલુકાવાર એ.પી.એલ. રેશનકાર્ડ ધારકોની સંખ્યા બાબતે, એસ.કે. ૪-૧ અને એસ.કે-૪-૨ સ્ટોરેજ ટાંકીની કાર્યવાહી અંગે, ઈન્દિરા આવાસ યોજના અન્વયે છેલ્લા બે વર્ષમાં કેટલા આવાસો મંજૂર થયા તેમજ બીજો હપ્તો લાભાર્થીઓને ક્યારે ચૂકવાશે તે બાબતે રજુઆત કરવામાં આવી હતી.

# મોડાસામાં કલ્યાણ ચોક નજીક સ્કૂટરની ડેકીમાંથી ૯ હજાર રોકડ રકમની ચોરી

મોડાસા, તા. ૧૬

અરવલ્લી જિલ્લા અને મોડાસા શહેરમાં કાયદો વ્યવસ્થાની કામગીરી સદંતર નિષ્ફળ ગઈ હોય તેવી દિન-પ્રતિદિન બુટલેગરોનો પોલીસ પર હુમલો કરી બુટલેગરો બેફામ બન્યા છે. જિલ્લામાં અને મોડાસા શહેરમાં ચોરી, લૂંટફાટ અને પાકીટમારી અને ચેઈનસ્નેચરો દ્વારા વારંવાર રહેણાંક વિસ્તારો અને મહિલાઓને નિશાન બનાવી ચોરી ઘટનાઓને અંજામ આપવાના બનાવોમાં વધારો થયો છે. ત્યારે નવરાત્રીમાં વાહનોમાંથી ડેકી અને કાચ તોડી રૂપિયાની તફડંચી કરતી હોવાની ગેંગ સક્રિય થતાં શહેરીજનોમાં નવરાત્રીની મજા અને આનંદ સજામા તો રૂપાંતરીત નહિ થાય ને ? કલ્યાણચોકમાંથી સ્કૂટર ડેકીમાંથી ગઈરાત્રે ખેલૈયાઓ અને પ્રજાજનોની હાજરીમાં તસ્કર ગેંગ હાથ અજમાવવામાં સફળ રહેતા નગરજનો પોલીસની નિષ્ક્રિય કામગીરી અંગે અનેક સવાલો ઉપસ્થિત કરતા નજરે ચડતા હતા.

મોડાસા શહેરમાં માલપુર રોડ પર આવેલી નગરવિકાસ યુવક મંડળ સંચાલિત કલ્યાણચોકમાં ગુરૂવારે રાત્રે ગરબાની રમઝટ વચ્ચે નજીક પડેલા સ્કૂટર (વિગો)ની ડેકીમાંથી રૂપિયાની તફડંચી કરતાં ખેલૈયાઓ અને પ્રજાજનો ચિંતામાં ગરકાવ. કલ્યાણ ચોકમાં સ્કૂટર ગાડી નં. જીજે૯બીસી-૮૪૮૯ પાર્કિંગ કરી એક યુવાન નવરાત્રીમાં ગરબા રમવા ગયો હતો.ન વરાત્રીનો સમય પૂર્ણ થતાં ઘરે નીકળેલા યુવકના સ્કૂટરની ડેકીમાંથી ૯૦૦૦ રૂ. રોકડ અને બે સહીવાળા કોરા ચેક તસ્કર ગેંગ કે કોઈ જાણભેદુ ઉઠાવી જતાં યુવકે આજે સવારે મોડાસા ટાઉન પોલીસમાં જાણવા જોગ ફરિયાદ આપતાં પોલીસતંત્ર દ્વારા યોગ્ય કાર્યવાહિ કરવા હૈયાધારણ આપી હતી. યુવકના સ્કૂટરની ડેકીમાં રહેલુ પર્સ આજે બપોરે રત્નદીપ સોસાયટીના રહીશને મળી આવતાં અંદર રહેલા ડોક્યુમેન્ટના આધારે તપાસ કરી ચોરીનો ભોગ બનેલા યુવકને કોરા ચેક અને પર્સ પાછા મળી ગયા હતા. પરંતુ અંદર રહેલી રોકડ રકમ ગાયબ હતી. યુવક દ્વારા સોસાયટીના રહીશનો આભાર માની આ અંગે પોલીસને જાણ કરી હતી.

મોડાસા શહેરમાં નવરાત્રીમાં તસ્કર ગેંગ દ્વારા ચોરીની ઘટનાઓને અંજામ આપવાની ઘટના બનતા પ્રજાજનોમાં ફફડાટ ફેલાયો છે. નવરાત્રીની મજા માણવા જતા નગરજનો ગભરાઈ રહ્યા છે. મોડાસા શહેર પોલીસ દ્વારા મોડાસા શહેરની નવરાત્રીઓ અને રહેણાંક સોસાયટીઓમાં સઘન પેટ્રોલિંગ હાથ ધરવામાં આવે તેવી લોકોની પ્રબળ માંગ ઉઠી છે. જો પોલીસ દ્વારા આ તસ્કરગેંગને ઝડપી લેવામાં નહિ આવે તો આગામી દિવસોમાં શહેમાં મોટી લૂંટફાટની ઘટના સામે આવવાની પ્રબળ શંકા સેવાઈ રહી છે.

# અંબાજીમાં શ્રીમદ્ ભાગવત સપ્તાહ યોજાશે

પાલનપુર, તા. ૧૬

શ્રીમદ્ ભાગવત કથાનું હિન્દુ ધર્મમાં અને શાસ્ત્રોમાં વિશેષ મહત્વ આલેખાયું છે. ત્યારે સતીના દેહમાંથી જ્યાં હદયાંગ પડ્યું હતું અને ભગવાન શ્રીકૃષ્ણની જ્યાં ચૌલક્રીયા કરવામાં આવી હતી તેવા શક્તિપીઠ અંબાજી ખાતે તા. ૨૪ ઓક્ટોબર ૨૦૧૫થી શ્રીમદ ભાગવત તત્વાર્થ જ્ઞાનયજ્ઞ સપ્તાહનો પ્રારંભ થશે. રાજપૂત સમાજ મિલ્કત ટ્રસ્ટ અંબાજી સંચાલિત હંસાબા ચંદનસિંહ રાજપૂત સમાજ એકતા ભવનના લાભાર્થે અંબાજી ખાતે તા. ૨૪ થી ૩૦ ઓક્ટોબર ૨૦૧૫ સુધી દરરોજ સવારે ૯ થી ૧૨ અને બપોરે ૩ થી ૬ કલાક દરમ્યાન યોજાશે. પૂ. આનંદમૂર્તિ મહારાજ વ્યાસપીઠ પરથી જ્ઞાનગંગાનું રસપાન કરાવશે. આ પાવન કથાના પ્રારંભે પૂ. સેવાનાથજી મહારાજ, પૂ. સચ્ચિદાનંદ મહારાજની ઉપસ્થિતિમાં દિપ પ્રાગટ્ય કરવામાં આવશે. કથાના સમાપન ૩૦ ઓક્ટોબરના રોજ સવારે ૧૧ કલાકે સમાજ રત્ન એવોર્ડ સમારંભ યોજાશે. જેમાં સમાજ અગ્રણી દાતા ઘેલુભા ઉદેસિંહ વાઘેલા અને આનંદમૂર્તિજીના વરદહસ્તે સમાજ રત્ન એવોર્ડ આપી સન્માન કરાશે.